### આણંદ જિલ્લા પંચાયત આણંદની વેબસાઈટ પ્રમુખ અંગેની માહિતી અપડેટ ન થતાં અસમંજસ

# અહો આશ્ચર્યમ્! આણંદ જિલ્લા પંચાયતની વેબસાઈટમાં હજુ પણ વહીવટદારનું શાસન

**ડિજિટલ યુગમાં** પણ માહિતી અપડેટ કરવામાં ઠાગાઠૈયા અને બેદરકારી રખાતાં અનેકવિધ ચર્ચાઓ



પ્રતિનિધિ આણંદ તા. ૮

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂર્ણ થઈને લાંબો સમય વીતી ગયો હોવા છતાં જિલ્લા પંચાયત આણંદની સત્તાવાર વેબસાઈટ પર હજુ પણ વહીવટદાર રાજની જ વિગતો દર્શાવાતી હોવાની બાબત છેલ્લા કેટલાક દિવસોથી ચર્ચાનો વિષય બની છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં જિલ્લા પંચાયતનું સુકાન વહીવટદાર તરીકે જિલ્લા કલેક્ટરને સોંપવામાં આવ્યું હતું, પરંતુ ત્યારબાદ યોજાયેલી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ ૩૩ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી મેળવી સત્તા હાંસલ કરી હતી અને ઘણા બધા ચઢાવ ઉતાર જેવી પરિસ્થિતિ બાદ મયુરીબેન પટેલ જિલ્લા પંચાયતના પ્રમુખ પદે સત્તારૂઢ થયા હતા.

જોકે ચૂંટણી પૂર્ણ થયા બાદ નવી ચૂંટાયેલી પાંખને સત્તા સંભાળ્યાને ઘણો સમય વીતી ગયો હોવા છતાં જિલ્લા પંચાયતની સત્તાવાર વેબસાઈટમાં પ્રમુખ, ઉપપ્રમુખની વિગતો અપડેટ કરવામાં આવી નથી. વેબસાઈટ પર હજુ પણ જૂની અને અધૂરી માહિતી જોવા મળતા સામાન્ય નાગરિકો, ગ્રામ પંચાયતોના પ્રતિનિધિઓ તેમજ સરકારી યોજનાઓ અંગે માહિતી મેળવવા ઈચ્છુક લોકોમાં અસમંજસ સર્જાઈ રહી છે.

સ્થાનિક આગેવાનો અને જાગૃત નાગરિકોમાં એવી ચર્ચા છે કે નવી ટીમે સત્તા સંભાળ્યા બાદ વેબસાઈટના ટેક્નિકલ અને વહીવટી અપડેશન અંગે કોઈ ગંભીરતા દાખવી નથી. પરિણામે હજુ પણ વેબસાઈટ મુજબ જાણે જિલ્લા પંચાયતનો વહીવટ વહીવટદારના ભરોસે જ હજુ પણ ચાલી રહ્યો હોય.

જિલ્લા પંચાયતના જવાબદાર અધિકારીઓએ આ મુદ્દે તાત્કાલિક ધ્યાન આપી વેબસાઈટમાં પ્રમુખ, ઉપપ્રમુખની વિગતો અપડેટ કરવાની જરૂરિયાત હોવાની નાગરિકોએ માંગ કરી છે. પારદર્શક અને જવાબદાર વહીવટ માટે ડિજિટલ પ્લેટફોર્મ પરની માહિતી સચોટ અને સમયસર ઉપલબ્ધ રહે તે આજના સમયની અનિવાર્ય જરૂરિયાત બની ગઈ છે.જેથી સદર વેબસાઈટમાં પ્રમુખ સહિતની માહિતી અપડેટ કરવામાં આવે તેવી લાગણી પ્રવર્તી રહી છે. જિલ્લા સ્તરની મુખ્ય સંસ્થાની વેબસાઈટમાં જ અપડેટનો અભાવ હોવો એ બાબત અનેક ચર્ચાઓને ટોક ઓફ ધ ટાઉન બનાવે છે.

# મહીકાંઠા પંથકમાં તળાવો સૂકાતા પશુધન પર સંકટ

**ઘાસચારા**-પાણીની તંગીએ પશુપાલકોની ચિંતા વધારી



પ્રતિનિધિ બોરસદ તા.૮

બોરસદ તાલુકાના મહીકાંઠા સહિતના ગ્રામ્ય પંથકમાં ૪૦થી વધુ ગામોના તળાવો સુકાઈ જતાં અને ઘાસચારાની અછત સર્જાતા પશુપાલકો માટે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. પાણી અને ચારા પર નિર્ભર પશુધનના નિભાવ માટે પશુપાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જો આગામી દિવસોમાં વરસાદ પૂર્વે કોઈ રાહત ન મળે તો સ્થિતિ વધુ ગંભીર બનવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

મહીકાંઠાના ઘણા બધા ગામોમાં આવેલા તળાવો હાલ સુકાં ભઠ્ઠ બની ગયા છે. પરિણામે પશુઓ માટે પીવાના પાણીનો મુખ્ય સ્ત્રોત નહિવત થઈ ગયો છે. પશુપાલકોને પોતાના પશુઓને પાણી પીવડાવવા માટે દૂર દૂરના વિસ્તારોમાં લઈ જવાની ફરજ પડી રહી છે. બીજી તરફ લીલા તથા સૂકા બંને પ્રકારના ઘાસચારાની ઉપલબ્ધિ ઘટી જતાં પશુપાલન કરવું ખૂબ જ મુશ્કેલ થઈ ગયું છે. ગત વર્ષે મહીકેનાલના પાણી દ્વારા પાણી તળાવોમાં છોડાતા અનેક તળાવ ભરાયા હતા, જેના કારણે પશુઓને પૂરતું પાણી અને લીલો ઘાસચારો મળી રહ્યો હતો. જોકે આ વર્ષે પરિસ્થિતિ તેના વિપરીત જોવા મળી રહી છે. પાણીના અભાવે પશુ આહાર પાકનું ઉત્પાદન પણ ઘટતાં બજારમાં ભાવ ચૂકવવા છતાં જરૂરી પ્રમાણમાં ચારો મળતો નથી તેવી ફરિયાદો પણ ઉઠી રહી છે.

# ગૌરક્ષકોની સતર્કતાથી ૧૧ અબોલ જીવોનો બચાવ થયો

**પોલીસે** ૧૨.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી જૂનાગઢના બે શખ્સની અટકાયત

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદના વાસદ પોલીસ મથકની હદમાં વાસદ ચોકડી પાસે ગૌરક્ષકો દ્વારા પશુઓ પ્રત્યે ક્રૂરતા દાખવી ગેરકાયદેસર હેરાફેરી કરતી એક ટ્રક ઝડપી પાડવામાં આવી છે. આ ટ્રકમાં ઘાસચારા કે પાણીની પાયાની વ્યવસ્થા વગર ૧૧ પશુઓને ક્રૂરતાપૂર્વક બાંધીને લઈ જવામાં આવી રહ્યા હતા.


આણંદના સુંદણ ગામમાં રહેતા ગૌરક્ષક કિશનકુમાર ચિમનભાઈ ભોઈ અને તેમની ટીમે વાસદ ચોકડી પાસે રવિવાર, ૭મી જૂનના રોજ સવારે વોચ ગોઠવી હતી. આ દરમિયાન બોરસદ તરફથી આવતી જી.જે. ૦૩ બી.ડબલ્યુ. ૯૩૫૩ નંબરની ટ્રકને રોકી તપાસ કરતા તેમાંથી ૧૦ પશુ અને ૧ પાડો મળી આવ્યા હતા. જેની તપાસ દરમિયાન જોવા મળ્યું હતું કે આ પશુઓના મોઢા ટૂંકા દોરડાથી અત્યંત ક્રૂર રીતે બાંધેલા હતા અને ટ્રકમાં તેમના માટે ઘાસચારા કે પાણીની કોઈ વ્યવસ્થા કરવામાં આવી નહોતી. આથી, ટ્રક ચાલક અને ક્લીનર પાસે પશુઓની માલિકી કે હેરાફેરી અંગેના કોઈ આધારભૂત પુરાવા મળી આવ્યા નહોતા.

વાસદ પોલીસે આ મામલે ટ્રક ચાલક વિપુલ પુંજાભાઈ ભારાઈ (રહે. માણાવદર) અને પિયુષકુમાર ભરતભાઈ ઘોયલ (રહે. સુલતાનાબાદ, માણાવદર) વિરુદ્ધ પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે.

### પુરાતત્વ વિભાગની ઘોર બેદરકારીથી ઐતિહાસિક ધરોહરનું અસ્તિત્વ જોખમમાં મુકાયું

# મહેમદાવાદની ઐતિહાસિક રોજારોજી દરગાહમાં ગેરકાયદે દબાણોનો રાફડો

**પુરાતત્વ** વિભાગ રક્ષિત સાઇટ પર છેલ્લા 6 મહિનામાં પાકાં મકાનો અને 5 દુકાનો ખડકાયા



(પ્રતિનિધિ) નડિયાદ તા.૮

મહેમદાવાદ સ્થિત અને સરકાર દ્વારા આર્કિયોલોજિકલ સાઈટ તરીકે જાહેર કરાયેલી ઐતિહાસિક રોજારોજીની દરગાહ પરિસરમાં ભૂતકાળમાં તંત્ર દ્વારા સુરક્ષા માટે કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવી હતી. જોકે, હાલમાં આ સુરક્ષા વ્યવસ્થા માત્ર દેખાવ પૂરતી રહી ગઈ હોય તેમ, કેટલાક તત્વો દ્વારા ગેરકાયદેસર ઘૂસણખોરી કરીને મોટા પાયે દબાણો ઉભા કરી દેવાયા છે.

મહેમદાવાદની ઐતિહાસિક રોજારોજી દરગાહ પ્રત્યે સ્થાનિક તંત્ર અને પુરાતત્વ વિભાગની ઉદાસીનતાના કારણે છેલ્લા 6 મહિનામાં અહીં માત્ર રહેણાંકના પાકાં મકાનો જ નહીં, પરંતુ વ્યાવસાયિક હેતુ માટે 5 જેટલી દુકાનો પણ તાણી બાંધવામાં આવી છે. આટલા મોટા પાયે ગેરકાયદે બાંધકામ થઈ રહ્યા હોવા છતાં સંબંધિત તંત્ર સંપૂર્ણપણે નિંદ્રાધીન અવસ્થામાં હોય તેમ જણાય છે. ઐતિહાસિક અને સ્થાપત્યની દ્રષ્ટિએ અત્યંત મહત્વ ધરાવતી આ સાઈટ પરથી તમામ દબાણો સત્વરે દૂર કરી તેને અસલ સ્થિતિમાં લાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠી છે. જો તંત્ર દ્વારા વહેલી તકે કોઈ નક્કર પગલાં લેવામાં નહીં આવે તો આ ઐતિહાસિક ધરોહરનું અસ્તિત્વ જોખમમાં મુકાઈ શકે છે.

# આણંદમાં ભેજનું પ્રમાણ વધતાં બફારાનો અનુભવ

**ચોમાસા પૂર્વે** ગરમીનો પ્રકોપ યથાવત રહેતાં મહત્તમ તાપમાન 38.5 ડિગ્રી રહ્યું

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદ જિલ્લામાં ચોમાસાના સામાન્ય એંધાણ વર્તાઈ રહ્યાં છે. જોકે ચોમાસું પોતાનો મીજાજ બતાવે એ પૂર્વે ગરમીનો પ્રકોપ હજુ પણ યથાવત રહ્યો છે. સોમવારે હવામાન વિભાગે જણાવેલ માહિતી અનુસાર મહત્તમ તાપમાન ૩૮.૫ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૩૦ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જેના કારણે સમગ્ર જીલ્લામાં ગરમ અને ભેજયુક્ત વાતાવરણ રહ્યું છે. જીલ્લામાં હવામાં ભેજનું પ્રમાણ 69 ટકા નોંધાયું હતું. ઊંચા ભેજના કારણે લોકોને ઉકળાટ અને બફારાનો વધુ અનુભવ થઈ રહ્યો છે. પશ્ચિમ-દક્ષિણ પશ્ચિમ દિશામાંથી પવન ફૂંકાઈ રહ્યો છે અને તેની સરેરાશ ઝડપ 8.2 કિલોમીટર પ્રતિ કલાક નોંધાઈ હતી. પવનની ગતિ સામાન્ય હોવા છતાં ગરમીમાં ખાસ રાહત અનુભવાઈ નથી.

**દિવસભર આકાશ મોટાભાગે સ્વચ્છ રહ્યું હતું**

હવામાન વિભાગના મત મુજબ ઊંચું તાપમાન, વધુ ભેજ અને વરસાદના અભાવે આગામી દિવસોમાં ગરમી અને ઉકળાટની સ્થિતિ યથાવત રહી શકે છે. ખેડૂતોને ખેતીના કામો દરમિયાન બપોરના સમયે સાવચેતી રાખવા તેમજ પશુપાલકોને પશુઓ માટે પૂરતા પાણીની વ્યવસ્થા જાળવવાની સલાહ આપવામાં આવી છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### ચારૂસેટ કેમ્પસમાં વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે 1100 રોપાનું વાવેતર કરાયું

**આણંદ** | વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે ચાંગા સ્થિત ચારૂસેટ હેલ્થકેર કેમ્પસમાં વિવિધ વિભાગોના સંયુક્ત ઉપક્રમે ભવ્ય વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે એન. એમ. પટેલ અને રજીસ્ટ્રાર ડો. બિનીત પટેલ સહિતના મહાનુભાવો અને સ્ટાફ દ્વારા કેમ્પસમાં 1100 જેટલા વિવિધ પ્રકારના રોપાઓ વાવવામાં આવ્યા હતા. પ્રોવોસ્ટ ડો. અતુલ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં NSS-NCC સ્વયંસેવકો અને વિદ્યાર્થીઓએ પર્યાવરણ જાગૃતિના સંદેશ સાથે ઉત્સાહભેર ભાગ લીધો હતો. ચારૂસેટ ગ્રીન કેમ્પસ આ નવા વાવેતર સાથે પર્યાવરણ જાળવણીની નેમમાં વધુ એક ડગલું આગળ વધ્યું છે.



### માતરમાં ‘સ્વચ્છતા સપ્તાહ’ અંતર્ગત ભવ્ય જનજાગૃતિ રેલી અને વૃક્ષારોપણ યોજાયું

**માતર** | માતર તાલુકા વહીવટી તંત્ર દ્વારા ૮મી જૂન ૨૦૨૬ના રોજ સ્વચ્છ ભારતના સંકલ્પ સાથે એન.સી.પરીખ હાઈસ્કુલથી ગાંધી આશ્રમ સુધી ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી આશ્રમ ખાતે બાપુની પ્રતિમાને અંજલિ અર્પી ઉપસ્થિત અધિકારીઓ અને નાગરિકોએ દેશને સ્વચ્છ રાખવા માટેના સામૂહિક ‘સ્વચ્છતા શપથ’ લીધા હતા. પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું, જેમાં મામલતદાર, ટી.ડી.ઓ. અને અન્ય પદાધિકારીઓ સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં શાળાના બાળકો અને સ્થાનિક ગ્રામજનોએ મોટી સંખ્યામાં જોડાઈને સ્વચ્છતા અને પર્યાવરણ જાળવણીનો ઉમદા સંદેશ ફેલાવ્યો હતો.



ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને ‘ગુજરાતમિત્ર’ આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### મહેમદાવાદના ગાડવા ગામે સીએસઆર ફંડથી આંગણવાડી અને ભોજન શેડનું નિર્માણ કરાયું



**મહેમદાવાદ** | મહેમદાવાદ તાલુકાના ગાડવા ગામે આઈટીસી કંપનીના સીએસઆર ફંડ દ્વારા તૈયાર કરવામાં આવેલી નવીન આંગણવાડી અને ભોજન શેડનું મહેસૂલ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ખાનગી સંસ્થાઓ દ્વારા ગ્રામ વિકાસમાં મળતો સહયોગ ગામડાઓના સર્વાંગી વિકાસને નવી દિશા અને ગતિ પ્રદાન કરી રહ્યો છે. ધારાસભ્ય અર્જુનસિંહ ચૌહાણે આ સુવિધાઓને ગ્રામ્ય વિસ્તારના બાળકોના શિક્ષણ અને પોષણ માટે મહત્વપૂર્ણ ગણાવી હતી.

### ખેડાના દેડરડા ગામે ‘ખેત બચાવો અભિયાન’ અંતર્ગત ખેડૂત તાલીમ શિબિર યોજાઈ

**ખેડા** | ખેડા તાલુકાના દેડરડા ગામે ‘ખેત બચાવો અભિયાન-૨૦૨૬’ હેઠળ ખેડૂત જાગૃતિ અને તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમમાં ખેડૂતોને ઉત્પાદન ખર્ચ ઘટાડવા અને પર્યાવરણના જતન માટે પ્રાકૃતિક તેમજ ટકાઉ ખેતી પદ્ધતિઓ અપનાવવા વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ અધિકારીઓ દ્વારા જમીન પરીક્ષણ, સેન્દ્રીય ખાતરનો ઉપયોગ અને જમીનની ફળદ્રુપતા જાળવવા રાસાયણિક ખાતરના સમતોલ વપરાશ અંગે વિશેષ માર્ગદર્શન અપાયું હતું. આ કાર્યક્રમના અંતે ખેડૂતો સાથે પ્રશ્નોત્તરી યોજી તેમને ખેતીવાડી વિભાગની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.



### કપડવંજમાં વધતી મોંઘવારી સામે કોંગ્રેસની રેલી, સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું

**કપડવંજ** | ગુજરાત પ્રદેશ કોંગ્રેસના આદેશ મુજબ કપડવંજ શહેર અને તાલુકા કોંગ્રેસ દ્વારા વધતી મોંઘવારીના વિરોધમાં શહેરના મુખ્ય માર્ગો પર રેલી યોજાઈ હતી. પૂર્વ મંત્રી બિમલભાઈ શાહના માર્ગદર્શનમાં યોજાયેલી આ રેલીમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસના ભાવવધારાના પોસ્ટરો પ્રદર્શિત કરી ઉગ્ર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. તાલુકા પ્રમુખ રંગીતસિંહ પરમાર સહિતના અગ્રણીઓએ આ વિરોધ પ્રદર્શન દ્વારા વધતી જતી મોંઘવારી સામે રોષ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં નીતિનભાઈ પટેલ, નલીન રાઠોડ અને હંસાબેન રાઠોડ સહિતના કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયા હતા.




### કપડવંજમાં કડવા પાટીદાર પ્રગતિ મંડળ દ્વારા વિજેતા હોદ્દેદારોનો સન્માન સમારોહ યોજાયો

**કપડવંજ** | કપડવંજ સમાજવાડી ખાતે શ્રી સવાસો ગોળ કડવા પાટીદાર પ્રગતિ મંડળની કારોબારી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં અરવલ્લી જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ શ્રી મયુરભાઈ પટેલનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. નગરપાલિકામાં ભાજપની બહુમતી બદલ શહેર સંગઠન પ્રમુખ નયનભાઈ અને વિજેતા સભ્યોનું અભિવાદન કરાયું હતું. જિલ્લા, તાલુકા અને નગરસેવા સદનની ચૂંટણીમાં વિજેતા બનેલા સમાજના તમામ હોદ્દેદારોને સન્માનિત કરવામાં આવ્યા હતા.



### કપડવંજ કોર્ટ સંકુલમાં ન્યાયાધીશોની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કરાયું

**કપડવંજ** | કપડવંજ બાર એસોસિયેશન દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે કોર્ટ કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણનો વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નામદાર એડી. ડિસ્ટ્રીક જજ સાહેબ, ફેમિલી જજ મહેતા સાહેબ અને પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ જાદવ સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં એડી. ચીફ કાલાની સાહેબ, બાર એસો. પ્રમુખ એચ. એમ. જોશી અને જોઇન્ટ સેક્રેટરી ભાવિક ભટ્ટ સહિતના મહાનુભાવો જોડાયા હતા. કોર્ટના વકીલ મિત્રો અને સ્ટાફગણે ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કરી પર્યાવરણ જાળવણીનો સુંદર સંદેશ પાઠવ્યો હતો.



### કપડવંજમાં બ્રહ્માકુમારીઝ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી




**કપડવંજ** | કપડવંજમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે આયોજિત કાર્યક્રમમાં પર્યાવરણ જતન અને પ્રાકૃતિક ખેતી અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતી પ્રોજેક્ટના મેનેજર ભૂમિકાબેન પટેલે જમીન સુધારણા અને વૃક્ષારોપણ દ્વારા સંસારને સુખમય બનાવવા પર ભાર મૂક્યો હતો. બ્રહ્માકુમારી કલાવતીબેને ખેડૂતોને યોગીક ખેતીની સમજ આપી વરસાદની શરૂઆત થતા જ ૫૦ વૃક્ષો વાવી તેનો ઉછેર કરવાનો સંકલ્પ કરાવ્યો હતો. પ્રકૃતિ રક્ષણથી માનસિક શાંતિ અને ખુશનુમા વાતાવરણ સર્જાય છે તેવા સંદેશ સાથે પૂજાબેને કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.

### આણંદમાં મોદી સરકારના ૧૨ વર્ષની ઉજવણી નિમિત્તે સ્વચ્છતા સપ્તાહનો પ્રારંભ



**આણંદ** | કેન્દ્ર સરકારના સેવા અને સુશાસનના ૧૨ વર્ષ પૂર્ણ થતા ભાજપ દ્વારા આણંદ નવા બસ સ્ટેન્ડ ખાતેથી સ્વચ્છતા અભિયાન શરૂ કરાયું હતું. મેયર દીપીકાબેન પટેલ, ડેપ્યુટી મેયર અને અન્ય પદાધિકારીઓએ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સફાઈ કામગીરીમાં સહભાગી થયા હતા. આ પ્રસંગે શહેર સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ સ્વચ્છતાના સંકલ્પ સાથે જોડાયા હતા. આગામી દિવસોમાં આ અભિયાન અંતર્ગત શહેરના વિવિધ વિસ્તારોમાં સ્વચ્છતા અને જનજાગૃતિના કાર્યો હાથ ધરવામાં આવશે.

### આણંદના વિદ્યાર્થીઓ દ્વારા કોટંબી ખાતેના અદ્યતન ક્રિકેટ સ્ટેડિયમની મુલાકાત કરાઈ



**આણંદ** | ક્રિકેટ તાલીમ સાથે વિદ્યાર્થીઓને વ્યવહારિક અનુભવ મળે તેવા હેતુથી આણંદ શહેરની એલિકોન ક્રિકેટ એકેડમી દ્વારા એક અનોખી પહેલ હાથ ધરવામાં આવી હતી. એકેડમી દ્વારા ક્રિકેટની કોચિંગ લેતા વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ માટે વડોદરાના હાલોલ રોડ પર આવેલા કોટંબી ખાતેના અદ્યતન ક્રિકેટ સ્ટેડિયમની વિશેષ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.. હાલમાં અહીં બરોડા પ્રીમિયર લીગની મેચો ચાલી રહી હોવાથી વિદ્યાર્થીઓને જીવંત ક્રિકેટ મેચ નિહાળવાનો પણ અવસર મળ્યો હતો.

**જાહેર હરાજી**

આથી લાગતા વળગતા રસ ધરાવતા તમામ વ્યક્તિઓને જણાવવાનું કે મોજે મોતીપુરા તા. ખંભાત જી.આણંદ ખાતે ગોકળપુરા જતા ગૌચરમાં પંચાયત હસ્તકના 28 સૂકા ઝાડ (જેમાં કોઠી નંગ - 2 ,બાવળ નંગ - 26) જેની અપસેટ કિંમત 28,500/- (અંકે રૂપિયા અઠ્ઠાવીસ હજાર પાંચ સો રૂપિયા) અને જેની જાહેર હરાજી તા. 12/6/2026ને શુક્રવારના રોજ સવારે 12:00 કલાકે મોતીપુરા ગ્રામ પંચાયત ખાતે રાખવામાં આવેલ છે. હરાજીમાં ભાગ લેનાર ઈસમે ડીપોઝીટ પેટે 5000/- (પાંચ હજાર) રકમ હરાજી શરૂ થયા પહેલા જમા કરાવવાની રહેશે. ભાગ લેવા ઈચ્છુક વ્યક્તિઓને નિયત તારીખે સમયે અને સ્થળે હાજર રહેવા જણાવવામાં આવે છે. અન્ય શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**તલાટી કમ મંત્રી/સરપંચ**
મોતીપુરા ગ્રામ પંચાયત, તા. ખંભાત, જી. આણંદ